**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૫/૦૬/૨૦૧૭ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૧૬૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૧૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૬૪/૧૭**

**મણિનગરઃ** આનંદભાઇ હસમુખભાઇ કથીરીયા (ઉ.વ.૨૯) (રહે.રાધે કીશનવીલા ગોવિંદવાડી પાસે ઇસનપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૭ કલાક ૪/૩૫ વાગ્યાથી ૫/૦૦ વાગ્યા દરમ્યાન મણિનગર ચાર રસ્તા પાસે આવેલ જે.કે.પ્લાઝામાં ભોયરામાં આવેલ પટેલ ઇલેકટ્રીકલ્સ નામની પોતાની દુકાનમાંથી કોપરની પટ્ટી ૮૦ કીલો ગ્રામ, કોપર વાયર ૧૦ ગેઝના ૨૦ કીલો ગ્રામ, વાયર બંડલ ૧૦ સ્કેવર M.M. અને પરચુરણ વાયરનાં પટ્ટી ટુકડા આશરે ૧૦ કીલો ગ્રામ મળી કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૫/૧૭**

**ચાંદખેડાઃ** અશોક નાનકરામ ભાગિયા (ઉ.વ.૪૪) (રહે. સંગાથ સિલ્વર ફ્રોર-ડી સ્કેવર મોલની બાજુમાં મોટેરા ચાંદખેડા) તા.૪/૬/૧૭ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા સેવી સોલારીસ ફ્લેટ તથા બાલાજી રેસીડેન્સી વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અશોક ભાગિયાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અશોક ભાગિયાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** સુનીતાબહેન રાજેશભાઈ કાશીનાથ (ઉ.વ.૩૩) (રહે. શ્રીરામનગર ચવડીનગર વિરાટનગર ઓઢવ) તા.૩/૬/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા હાટકેશ્વરથી સ્વસ્તીક ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ સુનિતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન કાશીનાથએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એસ પાટીલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૧૬૬/૧૭**

ઇસનપુરઃ તા.૪/૬/૧૭ કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે જમાલપુર ચાર રસ્તા જનતા પાન પાર્લરની સામેથી (૪૦ વર્ષના આશરાનો) અજાણ્યો પુરૂષ પસાર થઈ રહ્યો હતો ત્યારે એ.એમ.ટી.એસ.બસના ચાલક કિરણભાઇ ઘનશ્યામભાઇ પટેલે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેનુ સ્થળ પર મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઈસનપુર પોલીસે બસના ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.